**PAVAN EXPRESS WEEKLY** R.N.I. NO. : GUJGUJ/2021/82864

પવનવેગે પ્રસરતા સમાચાર

પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515 Email : pavanexpress2021@gmail.com સાપ્તાહિક

વર્ષ : ૦૪ ♦ અંક : પર ♦ તા.૧૮-૦૩-૨૦૨૫ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦

VOLUME : 04 ♦ ISSUE : 52 ♦ DATE: 18 -03-2025 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR

## મુખ્યમંત્રી શ્રી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે

# અમદાવાદમાં આયોજિત મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટનું ઉદ્ઘાટન કરાયું



(જી.એન.એસ) અમદાવાદ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ (રાજ્ય કક્ષા) દ્વારા આયોજિત ચોથી ત્રિદિવસીય મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ 'નોલેજ બેઝ્ડ ઈકોનોમી'નો વિચાર આપ્યો છે. જ્ઞાન ઉપાસક બ્રહ્મ સમાજ આ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે. બ્રાહ્મણ સમાજ મશીન સંચાલિત કૃત્રિમ બુદ્ધિ - એઆઈથી વિશેષ એવી કુદરતી બુદ્ધિમત્તાનો સદીઓથી સ્વામી રહ્યો છે. બ્રાહ્મણ સમાજની જ્ઞાન વિરાસતને આધુનિક યુગનાં પરિમાણો સાથે જોડીને વડાપ્રધાનશ્રીની 'વિરાસત ભી, વિકાસ ભી'ની ભાવના ચરિતાર્થ કરવા મુખ્યમંત્રીશ્રીએ બ્રહ્મસમાજને આ તકે આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે દાયકા પહેલાં ગુજરાતમાં શરૂ કરાવેલી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' આજે આઈડિયાઝ એક્સચેન્જ માટેનું ગ્લોબલ પ્લેટફોર્મ બની ગઈ છે. 'વાઈબ્રન્ટ ગુજરાત'માંથી પ્રેરણા લઈને આજે દેશના વિવિધ રાજ્યો, ઉદ્યોગો અને વિવિધ સમાજો આવી સમિટ યોજી રહ્યા છે. એવી જ રીતે આ મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ સમગ્ર સમાજના ઉદ્યોગ-વેપારને વિકસાવવાની તક પૂરી પાડશે, એવું તેમણે ઉમેર્યું હતું. 'સરકારના પ્રયાસમાં જ્યારે સમાજના પ્રયાસ ભળે છે, ત્યારે વિકાસની ગતિ બમણી થઈ જાય છે' એવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વાતને યાદ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ ચોથી મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ વડાપ્રધાનશ્રીના એ વિચારને સાકાર કરે છે. આ સમિટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌના સાથ, સૌના વિકાસ' મંત્રને પણ સાકાર કરે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ સમિટમાં લોકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે પણ જાણકારી મળવાની છે. આ બિઝનેસ મહાકુંભમાં ૨૦૦થી વધુ સ્ટોલ અને બ્રહ્મ સમાજના યુવાઓ માટે રોજગાર મેળાનું આયોજન થયું છે. સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગકારો દ્વારા નવા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન મળી રહેશે. આવા આયોજન માટે મુખ્યમંત્રીશ્રીએ સમિટના આયોજકો અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મોદી ૩.૦માં ભારત ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ અગ્રેસર છે. વિશ્વનું સૌ પ્રથમ અર્થશાસ્ત્ર રચનારા ચાણક્યને યાદ કરીને તેમણે જણાવ્યું કે શિક્ષણ અને નોકરી ઉપરાંત બ્રહ્મસમાજ ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય ક્ષેત્રોમાં પણ આગળ વધી રહ્યો છે. બ્રહ્મ સમાજના ઉદ્યોગકારો, વ્યાવસાયિકો દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપશે એવી અપેક્ષા તેમણે દર્શાવી હતી. ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવામાં બ્રહ્મશક્તિની તાકાત અને આ સમિટનું યોગદાન મહત્ત્વના બની રહેશે, એવો વિશ્વાસ વ્યક્ત કરી મુખ્યમંત્રીશ્રીએ સમિટની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે બ્રાહ્મણ સમાજને વ્યાપાર વણજના માર્ગે આગળ લઈ જવા માટેના આયોજનને બિરદાવ્યું હતું. દેશના મંદિરો, સંસ્કારો, સંસ્કૃતિની રક્ષા કરનારા સમાજે દેશના અર્થતંત્રને ગતિ આપવાનું મહાકાર્ય કરી રહ્યા છે ત્યારે સૌ જરૂર સફળ થશે તેવી શુભકામના તેમણે પાઠવી હતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સંસ્થાના મહામંત્રી શ્રી ગિરીશ ત્રિવેદીએ બ્રાહ્મણ બિઝનેસ સમિટની પરંપરાના હેતુ અને ભાવિ લક્ષ્યો વર્ણવ્યા હતા. તેમજ ડો. યજ્ઞેશ દવેએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ બિઝનેસ સમિટના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ બ્રહ્મ સમાજના વ્યાપારીઓ, મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપસ ને પ્રોત્સાહન આપ્યું હતું. આ સમિટમાં પૂર્વ રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્ર, મધ્ય પ્રદેશના નાયબ મુખ્ય મંત્રી શ્રી રાજેન્દ્ર શુક્લા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ, ઉત્તરાખંડ રાજ્ય સરકારના મંત્રી શ્રી સુબોધ ઉન્યાલ, સાંસદ શ્રી શશાંકમણિ ત્રિપાઠી, શ્રી મયંક નાયક, ગુજરાત નાણા પંચના અધ્યક્ષ શ્રી યમલ વ્યાસ, ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ, શ્રી અમિત ઠાકર, નાટ્યકાર અને અભિનેતા મનોજ જોષી, તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા)ના આગેવાનો, બિઝનેસ અને ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.




## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ ભચાઉના ભુજપર ગામના ૭૦ ખેડૂતોને એક દિવસીય કૃષિલક્ષી તાલીમ આપી



(માહિતી બ્યુરો, પાલનપુર)

"નોલેજ ડિસેમિનેશન થ્રુ ડિસ્ટન્સ લર્નિંગ" યોજના અંતર્ગત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા ભચાઉ તાલુકાના ભુજપર ગામના ખેડૂતોને એક દિવસીય કૃષિલક્ષી તાલીમ અપાઈ હતી. આ તાલીમમાં ૭૦ જેટલા ખેડૂત ભાઈ- બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો. ખેતી મદદનીશશ્રી મહેશ બી. મારવાડીયા દ્વારા સૌ સૌપ્રથમ ખેડૂતોની નોંધણી કરવામાં આવી હતી. કૃષિ યુનિવર્સિટીના યોજના ઈન્ચાર્જ શ્રી એસ.એમ.પટેલ દ્વારા કૃષિ યુનિવર્સિટીના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની તેમજ યોજનાકીય કામગીરીની માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને આપ્યું હતું. મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર ભચાઉ ડો. આર.એમ જાડેજા દ્વારા ખેડૂતોને ખરીફ ઋતુમાં પાક આયોજન અને યુનિવર્સિટી દ્વારા જુદા જુદા પાકમાં નવીન સંશોધિત થયેલ જાતોની માહિતી આપી હતી. ખેડૂતોએ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી....

# ગુજરાતીમાં ખાંડને 'મોરસ' કેમ કહેવામાં આવે છે તેની વાત પીએમ મોદી એ મોરેશિયસમાં કરી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મોરેશિયસની મુલાકાતે હતા ત્યારે પોર્ટ લુઈસ એરપોર્ટ પર મોરેશિયસના પીએમ નવીનચંદ્ર રામગુલામે દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદી ૧૨ માર્ચના રોજ મોરેશિયસના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ બન્યા હતા, જેના અગાઉ મંગળવારે સાંજે પીએમ મોદીએ ભારતીય મૂળના લોકોને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, 'મિત્રો, હું જ્યારે પણ મોરેશિયસ આવું છું ત્યારે એવું લાગે છે કે જાણે હું મારા જ લોકોની વચ્ચે આવ્યો છું. અહીંની હવા, માટી અને પાણીમાં એકતાનો અહેસાસ થાય છે. ભારતની સુવાસ ગીતો અને સાક્ષીઓમાં, ઢોલકના ધબકારમાં, દલપુરી, કુચ્ચા અને ગાટોપીમામાં હાજર છે. અને આ સ્વાભાવિક પણ છે, કારણ કે આપણા પૂર્વજોનું લોહી અને પરસેવો અહીંની માટીમાં ભળેલો છે. આપણે બધા એક જ પરિવારનો ભાગ છીએ.વધુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન રામગુલામે જે વાતો કહી છે તે સીધી દિલથી આવી છે. આ અભિવ્યક્તિઓ માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મોરેશિયસના લોકો અને સરકારે મને સર્વોચ્ચ નાગરિક સન્માન આપવાનું નક્કી કર્યું છે. હું આ નિર્ણયને નમ્રતાથી સ્વીકારું છું. આ સન્માન ઐતિહાસિક સંબંધોનું પ્રતીક છે અને તે ભારતીયોને પણ સન્માનિત કરે છે જેમણે પેઢી દર પેઢી આ ભૂમિની સેવા કરી અને મોરેશિયસને ઉંચાઈઓ પર લઈ ગયા. આ સન્માન માટે હું મોરેશિયસના લોકો અને સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.આ સાથેજ તેમના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, 'આ વખતે હોળીના રંગો મોરેશિયસમાં પણ એક દિવસ પછી ફેલાઈ જશે. ૧૪મીએ ચારેબાજુ રંગોની વર્ષા થશે. રામના હાથમાં ઢોલક હશે, લક્ષ્મણના હાથમાં મંજીરા હશે, ભરતના હાથમાં કનક પિચકારી હશે અને શત્રુઘ્નના હાથમાં અબીર અને જોગીરા હશે. હવે હોળી આવે ત્યારે ગુજિયાની મીઠાશ કેવી રીતે ભૂલી શકાય? એક સમય એવો હતો જ્યારે ભારતના પશ્ચિમ ભાગમાં મીઠાઈ માટે મોરેશિયસથી ખાંડ પણ લાવવામાં આવતી હતી. કદાચ આ જ કારણ હતું કે 'ખાંડ'ને ગુજરાતી ભાષામાં 'મોરસ' પણ કહેવામાં આવતું હતું.

**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાનઃ જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "**પવન એક્સપ્રેસ**" સાપ્તાહિક

**તંત્રીઃ પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**

(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

હેડ ઓફીસ

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

# પાલનપુરમાં હરીપુરા વિસ્તારમાં આવેલા બે આંગણવાડીઓમાં ખજૂરધાણી એન ગુલાલથી ધુલેટીની ઉજવણી કરવામાં આવી



આજ રોજ હોળીના દિવસે પાલનપુરમાંઆવેલ હરીપુરા વિસ્તારમાં અલગ અલગ ૨ આંગણવાડીઓમાં જીવદયા ફાઉન્ડેશન દ્વારા ઠાકોરદાસ ખત્રી. પિન્કીબેન. ના સહયોગ આંગણવાડીમાં. નાના ભૂલકાઓને ખજૂરના પેકેટ , ધાણી પેકેટ અને ગુલાલથી ધુળેટીપૂર્વની ગુલાલથી તિલક કરીને ધુળેટીપૂર્વની ઉજવણી કરવામાં આવી નાના બાળકો ચહેરા પર આવેલી સ્માઈલ જ અઢળક, અનહદઆનંદ મળ્યાબાળકો આનંદિત થઈ ગયાઅનેઆશીર્વાદ આપ્યાઆ સેવાકાર્યમાં જીવદયા ફાઉન્ડેશન પ્રમુખઠાકોરદાસ ખત્રી, નિરવભાઈ માળી સાથે પિન્કીબેન .રાકેશભાઈ બાપજી. દિનેશભાઈ શર્મા સાહેબ. ભાવનાબેન ગુપ્તા.મનીષ પરમાર. યશપંચાલઅને. પરાગભાઈસ્વામી, મહેશભાઈ ઠક્કર, અનેત્રણ આંગણવાડીના હિનાબેન .કિંજલબેન અને તેમજસ્ટાફગણ હાજર રહી આજના સેવાકાર્યક્રમને સફળ બનાવ્યો હતો.શાળા વતી ઠાકોર દાસ ખત્રી સહિતતમામ ટીમનો આભાર વ્યક્તકરાયો હતો.

### પાટણના દ્વારકાધિશ મંદિરમાં રંગોત્સવની શરૂઆત

# ફાગણ સુદ-૧૧થી પૂનમ સુધી ઔષધીય 'રાળ' ઉડાડવાની પરંપરા, કૃષ્ણ વિરહની અભિવ્યક્તિ



પાટણના વૈષ્ણવ હવેલી મંદિરોમાં હોળીના રંગોત્સવની ઉજવણીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દ્વારકાધિશ હવેલી મંદિરમાં 'હોલી કે રસિયા' કાર્યક્રમ ધામધૂમથી યોજાયો હતો.મંદિરમાં ૪૦ દિવસ સુધી ચાલતા આ કાર્યક્રમમાં ફાગણ સુદ અગિયારસથી પૂનમ સુધી 'રાળ' ફૂંકવાની વિશેષ પરંપરા છે. મંદિરના મુખ્યાજી ઔષધીય તત્વોથી સભર પાવડરને મંદિરના ચોકમાં પ્રગટાવેલા અગ્નિ પર છાંટે છે. આ પાવડરમાંથી નીકળતી જવાળા અને ધુમાડો વાતાવરણને શુદ્ધ કરે છે.ફાગણ સુદ ૧૧ના રોજ કુંજ એકાદશી નિમિત્તે દ્વારકાધિશ મંદિરમાં 'રાળ' ઉડાડવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. હવે આગામી પૂનમના દિવસે પણ 'રાળ' ઉડાડવામાં આવશે. 'રાળ' ઉત્સવમાં જોવા મળતી અગ્નિની જ્વાળાઓ માત્ર સામાન્ય આગ નથી. તે ગોપીઓના હૃદયમાં કૃષ્ણ વિરહની અભિવ્યક્તિનું પ્રતીક છે. આ પરંપરા વૈષ્ણવ સંપ્રદાયની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતનું મહત્વપૂર્ણ અંગ છે.

### વિશ્વ કિડની દિન ૨૦૨૫ ની ઉજવણી

# બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર અને માવજત હોસ્પિટલ દ્વારા કિડની જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.



વિશ્વ કિડની દિન ૨૦૨૫ નિમિત્તે તારીખ ૧૨/૦૩/૨૦૨૫ના રોજ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર અને માવજત હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે કિડની આરોગ્ય જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. માવજત હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો, ડૉ. સુદીપ પટેલ (નેફ્રોલોજીસ્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશિયન) અને ડૉ. કમલેશ પટેલ (યુરોલોજીસ્ટ) દ્વારા મહત્વપૂર્ણ જાગૃતિ માટે વ્યાખ્યાન આપવામાં આવ્યું. અહીં કિડનીની તકલીફો, મૂત્રપથરી, પ્રોસ્ટેટ રોગ અને ડાયાલિસિસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. લોકોએ વધારેમાં વધારે શુદ્ધ પાણી પીવું જોઈએ, બ્લડ અને યુરીનના ટેસ્ટ સમયાંતરે કરાવવા જોઈએ, બીપી અને સુગર કન્ટ્રોલ પર સતત ધ્યાન રાખવુ જેવા વિવિધ સલાહ-સૂચન કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના એકેડેમીક ડાયરેક્ટર ડૉ. અમિત પરીખ સાહેબ હાજર રહીને સ્ટાફ-મિત્રોને પ્રોત્સાહિત કર્યા અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.આર.જે.પાઠક હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૫૦ થી વધુ સ્ટાફ-મિત્રોએ લાભ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. પી. જે. ચૌહાણ દ્વારા કરવામાં આવેલ તથા આભાર વિધિ પ્રોફેસર આર. ડી. વરસાત દ્વારા કરવામાં આવી.

# વિઝન આધુનિક ગુજરાતનું
# મિશન આદિજાતિના સર્વાંગી વિકાસનું



**આદિજાતિ વિસ્તારોમાં રહેતા નાગરિકોના સર્વાંગીણ વિકાસ અને સામાજિક ઉત્કર્ષના મંત્રને ધ્યાને રાખી આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫,૧૨૦ કરોડની જોગવાઈ.**

**વનબંધુઓના સર્વાંગીણ વિકાસના કાર્યને વેગ આપવા વનબંધુ કલ્યાણ યોજના-૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં આગામી પાંચ વર્ષમાં ₹૧ લાખ કરોડની ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. આ વર્ષે અંદાજિત ₹૩૦,૧૨૧ કરોડની ફાળવણી કરાઈ.**

## શૈક્ષણિક ઉત્કર્ષ

- આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલના બાંધકામ માટે **₹૯૧૨ કરોડનું** આયોજન
- અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે **₹૭૫૫ કરોડનો** લાભ આપવામાં આવશે
- **દૂધ સંજીવની** યોજના અંતર્ગત **₹૨૩૩ કરોડની** ફાળવણી કરવામાં આવશે

## આર્થિક ઉત્કર્ષ

- **મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૨૫ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૨ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૦ કરોડની** જોગવાઈ
- **હળપતિ આવાસ** યોજના હેઠળ **₹૧.૨૦ લાખ** સહાયમાં વધારો કરીને **₹૧.૭૦ લાખ** કરાઈ

## સામાજિક ઉત્કર્ષ

- આદિજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ સહાય માટે **₹૯૯ કરોડની** જોગવાઈ
- **બિરસા મુંડા યુવા સ્વાવલંબન** યોજના અંતર્ગત આદિજાતિના યુવક-યુવતીઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે બેંક ધિરાણ પર પુરૂષ માટે ૬%, સ્ત્રી અને પીવીટીજી-આદિમ જાતિ માટે ૭% વ્યાજ સહાય આપવા માટે **₹૭૪ કરોડની જોગવાઈ**








# રાધનપુર પ્રજાપતિ છાત્રાલય ખાતે શ્રી પ્રજાપતિ પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૬ મો ઈનામ વિતરણ/સ્નેહ મિલન સમારંભ યોજાયો



નવાબી નગરી રાધનપુર ખાતે ભાભર હાઈવે ઉપર આવેલ શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન હેમાભાઈ પ્રજાપતિ છાત્રાલયના પટાંગણમાં શ્રી પ્રજાપતિ પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૬ મો સરસ્વતી સન્માન સમારંભ તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ અને સ્નેહ મિલન સમારંભ સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતના પ્રમુખ અનિલભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને ઉદ્ઘાટક અશોકભાઈ પ્રજાપતિ,વિશેષ ઉપસ્થિતિ એમ.એન.કોલેજ વિસનગર ના રિટાયર્ડ પ્રોફેસર ઈશ્વરભાઈ ઓઝા,અતિથિ વિશેષ શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ રાધનપુરનામંત્રી નથુભાઈ પ્રજાપતિ સહીત શ્રી આઠ પરગણા પ્રજાપતિ સમાજના પ્રમુખ-મંત્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં આજરોજ તા.૧૬/૦૩/૨૦૨૫ ને રવિવાર ના રોજ યોજાયો હતો.દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.નરેશભાઈ પ્રજાપતિ એ શાબ્દિક શબ્દો દ્વારા પ્રમુખ વેલજીભાઈ પ્રજાપતિ, ત્રિભોવનભાઈ પ્રજાપતિ સરકારપુરા સહિત ટ્રસ્ટીઓએ ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.ધો.- ૫ થી ૧૨ સુધી ૧ થી ૩ નંબર મેળવનાર ૨૦ વિધાર્થીઓ, બી.એ.સેમ.-૬ થી એમ.બી.એ. સુધી અભ્યાસ કરી ઉચ્ચ ટકા મેળવનાર ૨૩ વિધાર્થીઓ સહીત ૫૯ વિધાર્થીઓને દાતાઓ દ્વારા શિલ્ડ આપી સન્માન કરેલ.શ્રી પ્રજાપતિ યુવા સંગઠન રાધનપુર ના પ્રમુખ પિનાકીનભાઈ પ્રજાપતિના અથાગ પ્રયત્નોથી મેંગા બ્લડ ડોનેશન કેમ્પમા ૫૧ રક્તદાતાઓ રક્ત ડોનેટ કર્યું ત્યારે દરેક ડોનરોને આકર્ષક ગિફ્ટ અને ૧૨૫ ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવેલ. વિધાર્થીઓને ચાંદીના સિક્કા નરેશભાઈ પ્રજાપતિ-પાટણ, માધુભાઈ પ્રજાપતિ-ચલવાડા, ધીરજભાઈ પ્રજાપતિ વિરનગર સહીત અનેક દાતાઓ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. જીયા સુરેશભાઈ,માહી કનુભાઈ એ પ્રતિભાવો રજુ કર્યા હતા. પ્રાસંગિક પ્રવચન કરતા અનિલભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે આઝાદીના ૭૫ વર્ષ થયા છતાં ગુજરાતમાં પ્રજાપતિ સમાજનો એક પણ દીકરો કે દીકરી ડાયરેક આઈ. એસ.કે આઈ.પી.એસ.નથી થયા પણ પ્રમોશનથી થયા છે.આપણા સમાજની ત્રીજા નંબરની વસ્તી હોવા છતાં પણ ફકત આપણા ત્રણ ધારાસભ્યો દલસુખભાઈ પ્રજાપતિ,ગોવિંદભાઈ પ્રજાપતિ, ભાઈલાલભાઈ પ્રજાપતિ(વરિયા) અને અડધી ટ્રમ માટે સંસદ સભ્ય દિનેશભાઈ અનાવાડીયા બન્યા આપણો સમાજ આઈ.એસ.માં જીરો સંસદમાં જીરો વિધાન સભામાં જીરો આપણી જોડે બધું જ છે પણ આપણે કંઈ કર્યું નથી એનું દુ:ખ છે.કાર્યક્રમનું સફળ સંચાલન રમેશભાઈ પ્રજાપતિ (શિલ્પી -બુરેઠા) એ જ્યારે આભાર વિધિ કારોબારી સભ્ય ડૉ.સુરેશભાઈ પ્રજાપતિએ કરેલ.ભોજન પ્રસાદ સ્વ.કાંતાબેન ડી.પ્રજાપતિ વારાહી પરિવારના અશોકભાઈ અને નરેન્દ્રકુમાર પ્રજાપતિ તરફથી આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે શ્રી વાવ- થરાદ ચાર પરગણા પ્રજાપતિ સમાજના પ્રમુખ સેંધાભાઈ પ્રજાપતિ,શ્રી આઠ પરગણા વઢિયાર પ્રજાપતિ સમાજ ગાંધીધામના ખજાનચી રમેશભાઈ એચ.પ્રજાપતિ, રાધનપુર પરગણા પ્રજાપતિ સમાજના નવીન પ્રમુખ પાંચાભાઈ પ્રજાપતિ ધરવડી,મંત્રી દેવરામભાઈ વાવડીયા,કાંકરેજ પ્રેસ રિપોર્ટર નટુભાઈ પ્રજાપતિ થરા,મણિલાલ પ્રજાપતિ બંધવડ, કનુભાઈ પ્રજાપતિ જાવંત્રી, નાનજીભાઈ પ્રજાપતિ શિક્ષક, પ્રહલાદભાઈ પ્રજાપતિ અરજણસર,દશરથભાઈ પ્રજાપતિ, વિમલભાઈ પ્રજાપતિ થરા સહિત વિશાળ સંખ્યામાં પ્રજાપતિ સમાજ હાજર રહી ભોજન પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા હતા.

# પાલનપુરમાં ધુળેટી પર્વની ધામધૂમ પૂર્વક ધૂળેટીના રંગે રંગાયા



પાલનપુર

પાલનપુર શહેરમાં ધુળેટી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.જેમાં પાલનપુર આબુ હાઈવે સ્થિત આવેલ બાલાજી સિટીના રહીશોએ ભેગા મળી ઈકો ફ્રેન્ડલી ધુળેટી પર્વની ઉજવણી કરી પાણીનો થતો બગાડ અટકાવ્યો હતો. અને અબીલ ગુલાલની છોળો વચ્ચે ધુળેટી પર્વની ઉજવણી કરી હતી.ત્યારબાદ ડીજે ના તાલે ગરબાની રમઝટ બોલાવી સમૂહમાં નાસ્તો કરી સોસાયટીના તમામ લોકો ભેગા મળી આ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# ધાનેરાના સામરવાડામાં ખેતરમાં આગ લાગતાં ઘાસચારો બળી ગયો



ધાનેરા તાલુકાના સામરવાડા ગામના ખેડૂત વીરભાણભાઈ આહાભાઈ પટેલના ખેતરમાં ધૂળેટીના દિવસે ભીષણ આગ લાગી હતી. અગમ્ય કારણોસર લાગેલ આગમાં ખેડૂતનો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો.જોકે, ખેડૂતની સતર્કતા અને સમયસર કરાયેલા પ્રયાસોથી પશુઓ બચી ગયા હતા. અને કોઈ જાનહાની થઈ નહોતી.આ ઘટનાની જાણ થતાં, ધાનેરા તાલુકા ભાજપ મહામંત્રી દિનેશભાઈ ચૌધરીએ તાત્કાલિક ધાનેરા નગરપાલિકા અધિકારી રામભાઈ સોલંકીને જાણ કરી હતી.


**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWS PAPER PAVAN EXPRESS AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION OF NEWSPAPER**

(CENTRAL RULES 1956)

FORM – IV

(See Rule 8)

1. Place of publication — AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001

2. Periodicity of publication — Weekly

3. Printers Name — PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI
whether citizen of india — Yes
Address — AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001

4. Publishers Name — PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI
Whether citizen of india — Yes
Address — AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001

5. Editor Name — PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI
Whether citizen of india — Yes
Address — AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001

PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI

here by declare that the particulars given above the true to the best of my knowledge and belief.

Date: 18-03-2025 PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI

Signature of Printer/ Publisher/Editor/Owner


OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 04 ISSUE :52